# શ્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓને

લેખક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયધર્મસૂરિજી

॥ श्रीमहावीरस्वामिने नमो नमः ॥

॥ लब्धिनिधानश्रीगौतमगणधरेन्द्राय नमः ॥

માનવજીવનના મૂલ્યાંકનનો આધાર અધ્યાત્મભાવ ઉપર છે. માનવ ગમે તેટલો બુદ્ધિશાલી, શક્તિશાલી, સુશિક્ષિત કિંવા સત્તાધીશ હોય, પરંતુ અધ્યાત્મના અમૃતરસને પોષણ આપનાર જ્ઞાન-ચેતના માનવના અંતરાત્મામાં જાગી ન હોય તો એ માનવજીવનની કશી કિંમત નથી.

**આધ્યાત્મિકભાવ અને સમાધિ**—માનવજીવનના સરવૈયાનો સીમાસ્તંભ સમાધિમરણ છે. જેનો જન્મ તેનું મરણ એ તો નિશ્ચિત છે, પણ જન્મની સફળતાનો આધાર સમાધિમરણ સિવાય બીજો કોઈ નથી. આત્માના અપૂર્વ આનંદની મસ્તીમાં મરણને ભેટવું એના જેવું વિશ્વમાં બીજું કોઈ સુખ નથી. અખિલ વિશ્વના ભૌતિક સામ્રાજ્યની સંપત્તિનું સુખ સમાધિમરણના સુખની સામે સરસવના દાણા જેટલી તુલનામાં પણ આવી શકતું નથી. આવા સમાધિમરણનો અપૂર્વ આનંદ જીવનના આધ્યાત્મિક ભાવ સિવાય પ્રાપ્ત થવો સર્વથા અશક્ય છે.

**જ્ઞાનચેતનાનું ભૌતિક તત્ત્વો સાથે જોડાણ**—આત્મા પુરુષ અથવા પતિ છે. બુદ્ધિ અથવા ચેતના આત્માની પત્ની છે. એ બુદ્ધિ કિંવા ચેતનાનું જોડાણ અનંત કાળથી શરીર, સ્ત્રી-પુત્ર, ધન-દોલત વગેરે ભૌતિક તત્ત્વોની સાથે યથાયોગ્ય અવિચ્છિન્નપણે ચાલુ છે અને બુદ્ધિ અથવા ચેતના આત્માની પત્ની હોવા છતાં પોતાના પતિ-આત્માથી એનું જોડાણ છૂટી ગયું છે. બુદ્ધિને શરીર, સ્ત્રી-પુત્ર, કુટુંબ પરિવાર, ધન-દોલત, ખાનપાન વગેરે ભૌતિક સુખનાં સાધનો પ્રાપ્ત કરવાની, તેનો વધારો કરવાની અને એ સાધનોને સુરક્ષિત રાખવાની સતત ચિંતા રહ્યા કરે છે, પણ અનંતના પ્રભુ એવા પોતાના આત્મદેવના હિતાહિતની એ ચેતનાને કશી પડી નથી. સાચા શબ્દોમાં કહીએ તો, ચેતના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુલટા બની ગઈ છે. અને એનું જ નામ મિથ્યાદર્શન અથવા ભયંકર અજ્ઞાનભાવ છે. એ પરિસ્થિતિના કારણે જ આ જીવાત્માનું અનંત કાળથી સંસારપરિભ્રમણ અને દુઃખ-દર્દભર્યું અશાંત વાતાવરણ ચાલુ છે.

**જ્ઞાનચેતના–અજ્ઞાનચેતના**—બુદ્ધિ, ચેતના અથવા જ્ઞાન અલ્પ હોય કે અધિક હોય તે ગૌણ બાબત છે; અને અલ્પ કે અધિક પ્રમાણમાં વિદ્યમાન જ્ઞાન પોતાના આત્મમંદિર-માં અજવાળાં પ્રગટાવે એ મુખ્ય બાબત છે. બાહ્ય ભાવોમાં જ્ઞાનચેતના ગમે તેટલાં અજવાળાં પ્રગટાવે પણ પોતાની જ્ઞાનચેતના પોતાના આત્મમંદિરમાં અજવાળાં ન પ્રગ-ટાવે તો એ જ્ઞાન કિંવા ચેતના ગમે તેટલા વધુ પ્રમાણમાં હોય તોપણ તેની કશી કિંમત નથી. તત્ત્વદૃષ્ટિએ જોઈએ તો, એ જ્ઞાનચેતના નહીં પણ અજ્ઞાનચેતના છે. જૈન દર્શનમાં અભવ્ય આત્માઓના નવ પૂર્વ સુધી વિકાસ પામેલા જ્ઞાનને પણ જ્ઞાન તરીકે ન ગણતાં, આ કારણે જ, અજ્ઞાન ગણવામાં આવેલ છે. જ્યારે માષતુષ મુનિવરના અષ્ટ-પ્રવચનમાતા જેટલા અલ્પ જ્ઞાનને પણ, તે પોતાના આત્મ-મંદિરમાં અજવાળાં પ્રગટાવ-નાર હોવાથી, સમ્યગ્જ્ઞાન ગણવામાં આવેલ છે.

**જ્ઞાનચેતનાનું પોતાના આત્મદેવ સાથે મિલન**—જ્ઞાન, કિંવા ચેતનાનું એકાદ પણ નિર્મળ કિરણ એ દિવ્ય જ્યોતિ છે. હજારો કે લાખો સૂર્ય-ચંદ્રનાં અજવાળાં જે પ્રકાશ આપવા અસમર્થ છે તે પ્રકાશ આપવાની અદ્ભુત શક્તિ એ દિવ્ય જ્યોતિમાં રહેલી છે. પણ એ બને ક્યારે કે જ્યારે ભૌતિક વિજ્ઞાનની સાથે જ સંપૂર્ણતયા જોડાયેલ જ્ઞાન-ચેતનાનું પોતાના અલખનિરંજન અનંતના સ્વામી આત્મદેવ સાથે જોડાણ થાય. યોગિરાજ **શ્રી આનંદઘનજી** મહારાજના શબ્દોમાં વિચારીએ તો—

"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત"

—એ ભાવ આવે ત્યારે. જ્ઞાન–ચેતનાનું પોતાના આત્મદેવ સાથે મિલન એનું જ નામ સમ્યગ્ દર્શન છે; અધ્યાત્મના સુધાસાગરનું એ જ અમૃતબિંદુ છે. અને મુક્તિના પવિત્ર રાજમાર્ગનું એ જ મંગલ પ્રસ્થાન છે.

**યુગવીર આચાર્યદેવ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાના સદુપદેશક માન-નીય યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ વર્તમાન યુગના એક અધ્યાત્મયોગી મહાપુરુષ હતા. શ્રમણ ભગવાન મહાવીરનો અધ્યાત્મવાદનો પવિત્ર સંદેશ સારાય ભારતના ગામડે ગામડે અને શહેરે શહેરે પાદવિહાર કરીને પહોંચાડનારા એ સમર્થ સંદેશવાહક હતા. ભૌતિક વાદને જ મુખ્યપણે પોષણ આપનાર પશ્ચિમની કેળવણીનો પ્રવાહ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે, તેમ જ વર્તમાન યુગની નવી પ્રજાને અનુકૂલ–પ્રતિકૂલ સંજોગોમાં પણ એ શિક્ષણ આપ્યા સિવાય ચાલવાનું નથી એ બાબતનો એમના હૈયામાં બરાબર ખ્યાલ આવ્યો હતો. આજની નવી પ્રજા એ પશ્ચિમની કેળવણી પાછળ ભારતની અધ્યાત્મવાદની પતિતપાવન સંસ્કૃતિનું રખેને વિસ્મરણ ન કરી જાય, એ અંગે એ મહાત્માના હૃદય-મંદિરમાં સતત ચિંતા રહેતી હતી. અને એ સંજોગોમાં પશ્ચિમની કેળવણી સાથે અધ્યાત્મભાવની સંસ્કૃતિ નવી પ્રજાના જીવનમાં હરહંમેશ જીવંત બની રહે, આ શુભ ભાવનાથી એ યુગવીર આચાર્યદેવે અધ્યાત્મભાવના સર્વોચ્ચ શિખરે આરૂઢ થયેલા તેમ જ અધ્યાત્મભાવના સંરક્ષણ અને સંવર્ધન માટે ધર્મતીર્થના પ્રવર્તક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના પવિત્ર નામથી અલંકૃત શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના માટે સદુપદેશ આપ્યો હતો. તે સમયના ધર્મપરાયણ દાનવીર શ્રીમંતોએ પણ ઉપર જણાવેલા શુભાશયથી આચાર્યશ્રીના સદુપદેશનો અમલ કરી વિદ્યાલયનો શુભ મુહૂર્તે પ્રારંભ કર્યો હતો.

**વટવૃક્ષ સમું વિદ્યાલય**—વટવૃક્ષનું બીજ ભલે નાનું હોય, પણ યોગ્ય ભૂમિમાં વાવવા સાથે હવા, પાણી વગેરે અનુકૂલ વાતાવરણ મળે તો જેમ એ ભાવિકાળે સેંકડો મુસાફરોને શીતળ છાંયડી માટે વિશ્રાંતિનું ધામ બની રહે છે, તે જ પ્રમાણે કોઈ શુભ ચોઘડિયે સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પચાસ વર્ષના ગાળા દરમ્યાન ખૂબ ફાલ્યું-ફૂલ્યું છે. મહારાષ્ટ્ર અને મહાગુજરાતમાં એની ચાર-ચાર શાખાઓ સેંકડો વિદ્યાર્થીઓને વિદ્યાપ્રાપ્તિ માટે તીર્થધામ સમાન બની રહેલ છે, એ ઘણી ગૌરવ લેવા જેવી બાબત છે. સૌરાષ્ટ્ર, રાજસ્થાન વગેરે અન્ય પ્રાન્તોમાં પણ વિદ્યાલયની શાખાઓ વિસ્તાર પામે એવી આજે સૌકોઈની શુભેચ્છા છે.

**વિદ્યાર્થીઓને નમ્ર અનુરોધ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરનાર પ્રત્યેક વિદ્યાર્થીને મારો નમ્ર અનુરોધ છે કે તમો આ વિદ્યાલયના આશ્રયે વ્યાવહારિક કેળવણીમાં ગમે તેટલી પ્રગતિની સાધના કરો, પરંતુ વિદ્યાલયના આદ્યપ્રેરક આચાર્યદેવની ધર્મભાવનાના પવિત્ર શુભાશયને તમો સહુ કોઈ હરહંમેશ ધ્યાનમાં રાખશો, અને એ ભાવનાનો અમલ કરવા ક્રિયાશીલ બનશો; તેમ જ પરિણામે અધ્યાત્મભાવનાં અમૃતબિંદુને જીવનમાં પ્રગટાવી ભગવાન મહાવીરના સાચા અનુયાયી બનવા સાથે વિદ્યાલયની ઉજ્જવળ કારકિર્દીમાં વૃદ્ધિ કરવા સદા પ્રયત્નશીલ રહેશો.

જૈન મંદિર
૧૦ મો રસ્તો, ચેમ્બુર, મુંબઈ ૭૧.
તા. ૧-૨-૬૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org